એચ.આર.ટી.-૨
નવી બાબત(વર્ષ ૨૦૧૯-૨૦)

સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમની યોજના હેઠળ બાગાયતી પાકો માટે આકસ્મિક ફંડની રૂ.૧.૦૦ લાખની(પ્રતિક જોગવાઇ) નવી સેવાની યોજનાને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક : બગત/૨૦૧૯/૯૪૫/ક.૮
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦/૦૮/૨૦૧૯

બાગાયત નિયામકશ્રીની કચેરી,
ગુ.રા. કૃષિભવન, ગાંધીનગર
આવક નં. ૧૦૦૬
તારીખ : 21 AUG 2019

વંચાણે લીધા:-

(૧) બાગાયત નિયામકશ્રીના તા.૧૮/૫/૨૦૧૯ના પત્ર ક્રમાંક: બગત/બ-૧૨/ફા.ન.૨૦/૭૩૭૭-૭૮/૧૯

(૨) બાગાયત નિયામકશ્રીના તા.૯/૭/૨૦૧૯ના પત્ર ક્રમાંક: બગત/બ-૧૨/૧૯-૨૦/ફા.નં.૨૦/૧૦૩૨૩-૨૪/૧૯

આમુખ-

રાજ્યમાં બાગાયત ખેતીને પ્રોત્સાહન મળતા ખેડૂતો બાગાયતી ખેતી તરફ વળ્યા છે. બાગાયતી પાકોનો વાવેતર વિસ્તાર તથા ઉત્પાદનમાં વધારો થઇ રહ્યો છે. ફળ અને શાકભાજી પાકો ઉતાર્યા બાદ વધુ સમય સંગ્રહ કરી શકાય તેમ ન હોઇ આવા પાકોના ઉત્પાદનનું સમયસર વેચાણ થવું જરૂરી છે.એક જ સમયે કોઇ એક પાકનું વધારે વાવેતર તથા ઉત્પાદનની સીધી અસર ખેડૂતોને મળતા વેચાણ ભાવો પર પડે છે. વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થવાથી ઉત્પાદકોના બજાર ભાવ પાક ઉત્પાદન ખર્ચ કરતા નીચા જતા હોય છે. આ ઉપરાંત અન્ય રાજ્યોમાં પણ સારૂ ઉત્પાદન થવાને કારણે બજાર ભાવો નીચા રહેતા ખેડૂતોને આર્થિક વળતર મળતુ નથી. આવા સંજોગોમાં બાગાયતી પાકોની જણસોના ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે તેમજ ખેડૂતોને આર્થિક ટેકો પૂરો પાડવા માટે આગોતરા પગલા તરીકે વર્ષ ૨૦૧૯-૨૦ માટે રાજ્યમાં બાગાયતી પાકો માટે આકસ્મિક ફંડ યોજનાની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સરકારશ્રીની કાળજીપૂર્વક વિચારણાના અંતે બાગાયતી પાકોની જણસોના ભાવોની અસ્થીરતાના સમયે ખેડૂતોને આર્થિક ટેકો આપી શકાય તે માટે વર્ષ ૨૦૧૯-૨૦માં રાજ્યમાં બાગાયતી પાકો માટે આકસ્મિક ફંડ ટોકન જોગવાઇ રૂ. ૧.૦૦ લાખની (પ્રતિક જોગવાઇ) નવી

બાબત હેઠળની જોગવાઇને નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

અમલીકરણની વિગતો:

આ યોજનાનો અમલ રાજ્યમાં તમામ જિલ્લામાં કરવાનો રહેશે. યોજનાના લાભાર્થી સંબંધિત બાગાયતી પાકોનું વાવેતર કરતા રાજ્યના તમામ ખેડૂતો રહેશે.

સહાયનું ધોરણ:

આ ફંડમાંથી રાજ્ય સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવે તે મુજબ બાગાયતી પાકોની જણસોના ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે સહાય તરીકે આપવાની રહેશે.

શરતો:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પાડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંદ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસપીઓ - ૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા-૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઇ ટેન્ડરીંગ" બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની થતી હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૯) આ મંજુરી અન્વયે કોઇ પણ વસ્તુની ખરીદી ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૦૧/૧૦/૨૦૧૮ના "ઠરાવ ક્રમાંક: એસ.પી.ઓ.-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ" થી નક્કી કરવામાં આવેલ નીતિ મુજબ ફરજિયાત GEM પોર્ટલ પરથી કરવાની રહેશે તેમજ વખતો વખત ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા નક્કી કરવામાં આવેલ ધારાધોરણો મુજબ કરવાની રહેશે.

Scanned by CamScanner

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ યોજના માટેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી ક્રમાંક | :૦૨ |
| સેક્ટર | :ગ-આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર | :ક-કૃષિ અને સંલગ્ન સેવાઓ |
| મુખ્ય સદર | :૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા |
| ગૌણ સદર | :૧૧૯-બાગાયત અને શાકભાજીના પાક |
| પેટા સદર | :૦૧-એચ આર ટી-૨ ફળ રોપા ઉછેર કેન્દ્ર |

૨. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અ.મુ.સ.શ્રી(નાણાં)ની તા:૬/૮/૨૦૧૯ તથા અ.મુ.સ.શ્રી(કૃષિ)ની તા.૭/૮/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એમ.બી.કંથારીયા)
સેકશન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ:

(૧) બાગાયત નિયામકશ્રી, કૃષિભવન, સેકટર ૧૦- એ, ગાંધીનગર
(૨) ખેતી નિયામકશ્રી, કૃષિભવન, સેકટર ૧૦- એ, ગાંધીનગર
(૩) સંયુક્ત બાગાયત નિયામકશ્રી, (વિભાગીય કક્ષા) વડોદરા/ રાજકોટ
(૪) એકાઉટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
(૫) સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (તમામ)
(૬) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
(૭) કૃષિ અને સહકાર વિભાગની નાણા શાખા/બજેટ શાખા/આયોજન શાખા, સચિવાલય, ગાંધીનગર
(૮) નાયબ સેકશન અધિકારીની સીલેકટ ફાઇલ
(૯) શાખા સીલેકટ ફાઇલ

શેરા પત્ર ક્રમાંક- બગત/બ-૧૨/ફ્ર.નં.૨૦/(૧૯-૨૦)/ ૧૨૫૩૪-૬૭ /૧૯ તા. ૨૧/૦૮/૨૦૧૯ 23 AUG 2019
બાગાયત નિયામકની કચેરી, ગાંધીનગર

૨૩/૮
નાયબ બાગાયત નિયામક
ગુ.રા.ગાંધીનગર

૨૩/૮/૧૯ 23/8

Scanned by CamScanner